સીટી બસ દોડાવવાનું ઠાલાં વચનો આપનારાઓની મતદારો ફીરકી લેશે..!!

ચૂંટણી જંગ : બાયડ પાલિકાનો જંગ જીતવા મુખ્ય રાજકીય પક્ષોનો મરણીયો જંગ : ઉમેદવારો જાહેર થાય તે અગાઉ સંભવિત ઉમેદવારોના નામ ચર્ચામાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

બાયડ નગરપાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે તા.૨૮ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવવાની છે તે અગાઉ ચૂંટણી જંગ જીતવા મુખ્ય રાજકીય પક્ષોનો મરણિયો જંગ દેખાઈ રહ્યો છે અત્યારથી જ બાયડના વિવિધ વિસ્તારોમાં મતદારોને પોતાના તરફી કરવા રાજકીય પક્ષોના અગ્રણીઓએ એડી ટોચનું જોર લગાવવાની સાથે ખોબલે ખોબલા ભરી વચન આપી રહ્યા છે ત્યારે અગાઉ પાલિકા દ્વારા બાયડમાં સીટી બસ દોડાવવાનો નિર્ણય કર્યો હતો પરંતુ સીટી બસ તો ઠીક કચરો ભરીને દોડતા વાહનો પણ પૂરી તાકાતથી દોડી શકતા નથી. જેથી સીટી બસ દોડાવવાનાં ઠાલાં વચનો આપનારાઓની પ્રચાર દરમ્યાન મતદારો ફીરકી લે તેવી પૂરી સંભાવના છે.

અરવલ્લી જિલ્લામાં ચૂંટણી જંગ આવે ત્યારે બાયડ તાલુકાના ચૂંટણી જંગ ઉપર માત્ર જિલ્લાના જ નહીં પરંતુ રાજયના રાજકીય પક્ષોના આગેવાનોની નજર હોય છે. બાયડ પાલિકામાં સામાન્ય ચૂંટણી જાહેર થતાં ૬ વોર્ડની ૨૪ બેઠકો ઉપર ભાજપ-કોંગ્રેસ ઉપરાંત અન્ય રાજકીય પક્ષ અને અપક્ષો કોણ મેદાનમાં આવે છે તેનાં નામ ચર્ચામાં છે. ભાજપ હાઈકમાન્ડ અને જિલ્લા સંગઠન દ્વારા પક્ષને વફાદાર હોય તેવા ઉમેદવારોને મેદાનમાં ઉતારી ચૂંટણી લડવાનો નિર્ણય કરતાં ભાજપના હિંમત ભર્યા નિર્ણયને અભ્યાસુ મતદારોએ આવકાર્યો છે તેમ છતાં બાયડ પાલિકાની ૨૪ બેઠકોનો જંગ રસાકસી ભર્યો બનશે કે પછી એક તરફી બની જશે..?? તે ઉમેદવારોનાં નામ જાહેર થયા પછી કહી શકાય પરંતુ અત્યારે તો ચૂંટણી જીતવા માટે રાજકીય પક્ષોના આગેવાના કાર્યકરોએ ઢગલાબંધ વચનોની ઝોળી ખુલ્લી મૂકી છે. મતદારો હવે કોઈના પ્રભાવમાં રહેવા માગતા નથી. બાયડ નગરપાલિકા વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય, કોઈ ખોટી કનડગત ન થાય અને સાચા અર્થમાં બાયડ પાલિકાના શાસનમાં રામ રાજ્યનો અહેસાસ થાય તેવા ઉમેદવારોને મતદારોએ પાલિકામાં પોતાના વિસ્તારનું પ્રતિનિધિત્વ કરીને મોકલવાનો નિર્ણય કર્યો છે.

૨૪ બેઠકો, ૧૪,૫૦૦ મતદારો..

બાયડ : બાયડ પાલિકાની ૬ વોર્ડની ૨૪ બેઠક માટે તા.૨૮ ફેબ્રુઆરીએ મતદાન યોજાવવાનું છે જેમાં ૧૪,૫૬૮ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાના છે. બાયડ પાલિકામાં ૭૦૯૪ મહિલા મતદારો નોંધાઈ છે. વિધાનસભા પેટાચૂંટણી ઉપર નજર કરીએ તો કોંગ્રેસ મનમાં મલકાય છે પરંતુ લોકસભા ચૂંટણીના મતદાન ઉપર નજર કરીએ તો ભાજપમાં હરખ સમાતો નથી. પરંતુ બાયડના મતદારો સૌથી વધુ ચતુર મતદારો ગણાય છે. જેથી બાયડ પાલિકામાં સ્થિર શાસન આવશે કે પછી સંપૂર્ણ બહુમતી આવશે..?? તેનો ફેંસલો ૨ માર્ચે થશે.

સોમવારથી રાજ્યભરની કોલેજોનું શૈક્ષણિક કાર્ય આરંભાશે

સોશિયલ ડિસ્ટન્સ, સેનિટાઇઝેશન સહિતની એસઓપીના પાલન સાથે આ વર્ગખંડો પુનઃ શરૂ કરાશે, હોસ્ટેલ ફરી ખોલવા માટે પણ માર્ગદર્શિકા જાહેર

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં કોરોના કહેરની ઓછી થતી અસરો વચ્ચે આશરે ૧૦ મહિના પછી ફરી કોલેજોમાં પ્રથમ વર્ષનું શૈક્ષણિક કાર્ય શરું થવા જઈ રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા જાહેરત કરતા જણાવ્યું કે આગામી ૮ ફેબ્રુઆરી ૨૦૨૧ સોમવારથી રાજ્યભરની કોલેજોમાં પ્રથમ વર્ષના શૈક્ષણિક કાર્ય માટે વર્ગખંડ શરૂ કરાશે. તમામ પ્રકારની કોરોના ગાઈડલાઈન્સ જેવી કે સોશિયલ ડિસ્ટન્સ, સેનિટાઈઝન સહિતની એસઓપીના પાલન સાથે આ વર્ગખંડો પુનઃ શરૂ કરવામાં આવશે. આ સાથે જ હોસ્ટેલ ફરી ખોલવા માટે પણ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે મુજબ હોસ્ટેલના એક રૂમમાં બે થી વધુ વિદ્યાર્થીઓ સાથે નહીં રહી શકે. આ ઉપરાંત હોસ્ટેલમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવું- હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ સહિતની કોવિડ-૧૯ સંક્રમણ નિયંત્રણની એસઓપીનું પાલન કરવાનું રહેશે

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે આગામી સોમવાર તા ૮ ફેબ્રુઆરી ૨૦૨૧થી રાજ્યની કોલેજોમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વર્ગખંડ શિક્ષણ પૂનઃ શરૂ કરવાની જાહેરાત સાથે ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. આ ઠરાવમાં જણાવાયું છે કે પ્રથમ વર્ષના શૈક્ષણિક અભ્યાસક્રમ માટેના વર્ગખંડો શરૂ કરવામાં આવે ત્યારે બે વિદ્યાર્થીઓ વચ્ચે યોગ્ય સોશિયલ ડિસ્ટન્સનું પાલન થાય તે રીતે વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ઝીગ-ઝેગ, સ્ટેગર્ડ મેનરમાં ગોઠવવાની રહેશે.

આ અંગે વધુ વિગતો આપતા શિક્ષણ અગ્ર સચિવ અંજુ શર્માએ જણાવ્યું હતું કે, 'રાજ્યમાં કોરોના સંક્રમણની તીવ્રતા દિવસે દિવસે ઘટતી જાય છે ત્યારે વિદ્યાર્થીઓના લાંબાગાળાના શૈક્ષણિક હિતને ધ્યાને રાખી રાજ્ય સરકારે અગાઉ તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૧થી પ્રથમ તબક્કે તમામ પોસ્ટગ્રેજ્યુએટ, પી.એચ.ડી, એમ.ફિલ અભ્યાસક્રમો તેમજ મેડીકલ, પેરામેડિકલના અને અન્ય સ્નાતક અભ્યાસક્રમોના ફાયનલ ઈયરના તમામ વિદ્યાર્થીઓ માટે વર્ગખંડો શરૂ કરાવ્યા હતા.

હવે શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓની સંયુકત બેઠકમાં ચર્ચા-પરામર્શ બાદ રાજ્ય સરકારે તા.૮ ફેબ્રુઆરી ૨૦૨૧ સોમવારથી પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે પણ વર્ગખંડ અને લેબ શિક્ષણ આપવા કોલેજો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

આ ઉપરાંત તેમણે વધુમાં જણાવ્યું કે અંતિમ વર્ષ અને પ્રથમ વર્ષના વર્ગ પૂનઃ શરૂ કર્યા બાદની સ્થિતિ અને અન્ય જરૂરી ચર્ચા-વિચારણા તેમજ સમીક્ષા પછી દ્વિતીય વર્ષના વર્ગખંડો શરૂ કરવા પણ રાજ્ય સરકાર યોગ્ય સમયે નિર્ણય કરશે. તેમજ રાજ્ય સરકાર સંચાલિત તમામ સમરસ હોસ્ટેલ જેને મહામારીના પ્રકોપ દરમિયાન કોવિડ-૧૯ ડેઝીગ્નેટ સેન્ટર તરીકે કાર્યરત કરવામાં આવી હતી. આ હોસ્ટેલ્સને હવે વિદ્યાર્થીઓના આવાસ-નિવાસ માટે પૂનઃ શરૂ કરવા પણ શિક્ષણ વિભાગે એસઓપી તૈયાર કરી છે.

જિલ્લામાં એસ.ટી.ના ૮૭૫ વિદ્યાર્થી રૂટ શરૂ : શૈક્ષણિક સંકુલો ધમધમ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

કોરોનાની મહામારી ઉપર ધીરે ધીરે અંકુશ આવ્યો છે. સરકાર દ્વારા રસીકરણ શરૂ કરાયા પછી કોરોનાનું સંક્રમણ ઘટતાં હવે ધો.૯ થી ૧૨ ના શૈક્ષણિક વર્ગો ખાસ ગાઈડલાઈન સાથે શરૂ કરવામાં આવ્યા છે. સાબરકાંઠા એસ.ટી. ડીવિઝન દ્વારા કોરોના કાળમાં બંધ ૮૭૫ વિદ્યાર્થી રૂટ ફરીથી શરૂ કરવામાં આવતાં બંન્ને જિલ્લાના શૈક્ષણિક સંકુલોમાં વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યાથી શાળા સંકુલો ધમધમતાં થયાં છે. સરકારી ગાઈડલાઈન અનુસાર શાળાઓમાં વિદ્યાભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે. જેના કારણે વિદ્યાર્થીઓની સંખ્યા સતત વધવાની સાથે કોરોનાના ડર વગર વિદ્યાર્થીઓ ભણતર મેળવી રહ્યા છે.

સમગ્ર રાજ્યમાં કોરોનાના સંક્રમણ ઉપર નિયંત્રણ આવી ગયું છે. કોરોનાના રસીકરણ સાથે આશ્ચર્યજનક રીતે પોઝિટિવ કેસની સંખ્યામાં ઘટાડો થતાં સરકારે રાહત અનુભવી છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સંક્રમણ ઘટ્યું છે જેના કારણે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધો.૯ અને ૧૧ ના શૈક્ષણિક વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી શાળા સંચાલકો દ્વારા વિદ્યાભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે જેમાં શરૂઆતમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી પરંતુ એસ.ટી. વિભાગ દ્વારા કોરોના સંક્રમણ સમયે બંધ કરવામાં આવેલા વિદ્યાર્થી રૂટ ક્રમશઃ શરૂ કરવામાં આવતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. એસ.ટી. દ્વારા બાયડ, મોડાસા, ઈડર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, ભિલોડા, માણસા અને વિજાપુર એસ.ટી. ડેપો દ્વારા અગાઉ નિયમિત ચાલતી વિદ્યાર્થી ટ્રીપો શરૂ કરી દેવાઈ છે. જેના કારણે શૈક્ષણિક સંકુલો ધમધમતાં થઈ ગયાં છે. શાળા સંકુલોમાં ખાસ કોવિડ ગાઈડલાઈનની સૂચનાઓ અને પાલન અનુસાર વર્ગો શરૂ કરવામાં આવતાં કોરોનાનો ડર વિદ્યાર્થીઓના માનસપટ ઉપરથી દૂર થઈ રહ્યો છે.

રાજ્યભરમાં નવા ૨૭૫ કેસ નોંધાયા : ૨૭ વેન્ટિલેટર પર

રાજ્યમાંથી માત્ર એક દર્દીનું મોત : ગુજરાતભરમાંથી અત્યાર સુધી ૨૫૫૪૮૯ દર્દી સ્વસ્થ્ય થયા : રાજ્યમાં હજુ સુધી ૪૫૩૧૬૧ લોકોને રસી અપાઈ

ગાંધીનગર, તા. ૪

રાજ્યના લોકો માટે ખુબ સારા સમાચાર છે. કોરોના વાયરસના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૨૭૫ કેસ સામે આવ્યા છે. તો આ દરમિયાન ૪૩૦ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં રિકવરી રેટ ૯૭.૨૬ ટકાએ પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં એક વ્યક્તિના મૃત્યુ થયા છે. સૌથી ખુશીની વાત છે કે રાજ્યના ત્રણ જિલ્લામાં એક્ટિવ કેસ શૂન્ય થઈ ગયા છે. રાજ્યમાં અત્યાર સુધી ૨ લાખ ૬૫ હજાર ૬૮૧ કેસ નોંધાયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વડોદરા જિલ્લામાં ૮૦ કેસ સામે આવ્યા છે. તો અમદાવાદમાં ૪૮ કેસ સામે આવ્યા છે. સુરતમાં ૪૪ અને રાજકોટમાં ૨૭ કેસ નોંધાયા છે. જુનાગઢમાં ૧૨, પંચમહાલમાં ૧, આણંદમાં ૫, બનાસરાંઠામાં ૩, કચ્છમાં ૩, મોરબીમાં ૪ નર્મદામાં ૯ કેસ નોંધાયા છે.

રાજ્યમાં આજની તારીખે એક્ટિવ કેસની સંખ્યા ૨૮૦૦ છે. જેમાં ૨૭ દર્દીઓ વેન્ટિલેટર પર છે. કોરોનાની સારવાર બાદ રાજ્યમાં અત્યાર સુધી ૨૫૫૪૮૯ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૪૩૯૨ લોકોના મૃત્યુ થયા છે.

ગુજરાતના ત્રણ જિલ્લામાં એક્ટિવ કેસની સંખ્યા શૂન્ય થઈ ગઈ છે. તો રિકવરી રેટ ૯૭.૨૬ ટકા થઈ ગયો છે. કોરોનાની સારવાર સાથે વેક્સિનેશનનું કામ પણ ચાલી રહ્યું છે. રાજ્યમાં આજે ૩૩૬૪૨ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે. આમ અત્યાર સુધી ગુજરાતમાં ૪ લાખ, ૫૩ હજાર ૧૬૧ લોકોને કોરોનાની રસી મળી ચુકી છે.

૬ નવા કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨ વિસ્તારમાંથી પણ એક યુવાન તેમજ માણસાના ધોળાકુવા ગામેથી ૭૦ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૦૧૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૮ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૪૨૨૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે માત્ર બે કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે સે. ૨ અને સે. ૯ માંથી કેસ મળી આવેલ છે. શહેરમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

બિલ વિતરણ કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાંબા સમયથી બંધ મકાનોનો વેરો પણ ચુકવાતો ન હોવાનુ અગાઉ ધ્યાને આવ્યુ હતુ.

આ ઉપરાંત કોર્મશિયલ વિસ્તારમાં પણ જી આઈ ડી સી સહીતના જોડાણકર્તાઓ વેરો ચુકવવામાં નિરસતા સેવી રહ્યા હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. ત્યારે પાણી ગટર વેરાના બાકીદારો સામે અગાઉ પાવડો કુહાડી લઈ વેરો વસુલવા માટે તંત્રએ ઝુંબેશ પણ હાથ ધરી હતી. શહેરમાં અંદાજિત રૂ ૩.૨૫ કરોડ જેટલા બાકી માંગણા સામે વસુલાતનો આંકડો નીચો રહે છે. અલબત્ત માર્ચ સુધીમાં વળતર મેળવવાની યોજના સાથે સમગ્ર વર્ષ દરમિયાન વેરો વસુલવા માટેની પ્રકીયા હાથ ધરવામાં આવે છે. વેરા વસુલાત માટે પાટનગર યોજના ભવન ઉપરાંત સે-૩ ની ઈન્ક્વાયરીમાં પણ કાઉન્ટર શરૂ કરવામાં આવે છે.

ઝડપી વેક્સિનેશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વાસ્થ્ય કર્મીઓને ૨ ફેબ્રુઆરી સુધીમાં રસી આપી દેવામાં આવી છે, આ પછી ૬૪.૭% સાથે રાજસ્થાન બીજા નંબર પર છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાન પછી યુપીમાં ૧૮ દિવસમાં ૫૧% સ્વાસ્થ્ય કર્મીઓને રસી આપવામાં આવી છે. મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૯,૩૬,૮૫૭ સ્વાસ્થ્યકર્મીઓ છે જેમાંથી ૩૪%ને રસી આપવામાં આવી છે. આ પછી તામિલનાડુ (૨૨.૬%), દિલ્હી (૨૬.૬%), છત્તીસગઢ (૨૯%), પોંડીચેરી (૧૨.૩%) અને ગોવા (૨૮.૩%)નો નંબર આવે છે, જ્યારે આ સિવાય બાકીના રાજ્યોમાં પ્રક્રિયા ઘણી ધીમી ચાલી રહી છે. મણીપુરમાં સૌથી ધીમી ગતીએ રસીકરણની પ્રક્રિયા ચાલી રહી છે અહીં ૨ ફેબ્રઆરી સુધીમાં

માત્ર ૧૦% સ્વાસ્થ્ય કર્મીઓને રસી આપવામાં આવી છે. લક્ષ્યદ્વીપમાં ૯૦% સ્વાસ્થ્ય કર્મીઓને રસી આપી દેવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાં ૪૧.૧% અને કર્ણાટકામાં ૪૦.૯% સ્વાસ્થ્ય કર્મીઓને રસી આપવામાં આવી છે. આ સિવાયના ઓડિશા, કેરળ, હરિયાણા અને ગુજરાતમાં કુલ સ્વાસ્થ્ય કર્મીઓમાંથી ૫૦%ને રસી આપવામાં આવી છે.

દિપક ફ્રૂટ કંપની

છૂટક તથા જથ્થાબંધ ફળો અને શાકભાજીના વેપારી
માર્કેટયાર્ડ, બાયડ, જિ. અરવલ્લી

: મેનેજીંગ ટ્રસ્ટી :
જતિનકુમાર ગુણવંતલાલ પંડ્યા
(મેઘરજ)

શ્રી નવસર્જન સર્વોદય વિવિધ કાર્યકારી ચેરીટેબલ ટ્રસ્ટ
તથા ટ્રસ્ટીગણ, તમામ આચાર્યશ્રી તથા સ્ટાફ અને શાળા પરિવાર
શ્રી જ્ઞાન જ્યોત ઉ.મા. વિદ્યાલય
મહીયાપુર-પહાડીયા, તા.માલપુર
શ્રી લોકમંગળ ઉત્તર બુનિયાદી વિદ્યાલય
ડચકાબેલ્યો, તા.મેઘરજ
ગ્રામજ્યોત ઉત્તર બુનિયાદી વિદ્યાલય
વાઘપુર, તા.મેઘરજ
વિદ્યાર્થી કોણ છે..?? - ઈશ્વરનું સંતાન, નહીં કે માળખાગત રમકડું.
મેઘરજ, જિ. અરવલ્લી

દિલીપભાઈ એસ. પરમાર (ભૂખેલવાળા)
બીપીન ડી. પરમાર
ખબર ઈલેક્ટ્રીક
બાયડ
દરેક પ્રકારના ઈલેક્ટ્રીક કામ તેમજ એ.સી., ફ્રીજનું રીપેરીંગ કરનાર

સબ ડીલર :
ઓરેવા ઓટો-બાયડ
(સરકારની સબસીડી તથા અન્ય લાભ મળવાપાત્ર)
હરીઓમ શોપીંગ સેન્ટર, બાયડ, જિ. અરવલ્લી
મો. ૯૭૧૪૧૩૧૬૨૨, ૮૧૪૧૦૧૯૪૪૨

સીટી કલેક્શન
એરકંડીશન શો રૂમ

સુરેશ ટી. દરજી
અમારે ત્યાં એક્સક્લુઝીવ જેન્ટ્સ એન્ડ ચિલ્ડ્રન્સ રેડીમેઈડ કપડાં મળશે
એ.સી. શો રૂમ,

બરોડા બેન્ક પાસે, બાયડ, જિ. અરવલ્લી
મો.૯૪૨૭૦૭૭૨૧૯

"સર્વ શ્રેષ્ઠ પરિણામ એ જ અમારી ઓળખ"
સંસ્કાર અને શિસ્ત, જ્ઞાન અને માહિતી, ટુર્સ અને ટોયઝ્ સાથે સર્વાંગી શિક્ષણની બુનીયાદી ઉડાન.

શ્રી સરસ્વતી એજ્યુકેશન સંસ્થાન સંચાલિત
સરસ્વતી કોલેજ ઓફ સાયન્સ-વીરાવાડા
સરસ્વતી કોલેજ ઓફ એજ્યુકેશન-વીરાવાડા
પ્રાયમરી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ-વીરાવાડા
કનુભાઈ જી. પટેલ
મેનેજીંગ ટ્રસ્ટી
તથા ટ્રસ્ટીગણ

:: વિશેષતાઓ ::
● અદ્યતન સુવિધાઓથી સજ્જ શૈક્ષણિક સંકુલ.
● કેળવણી ક્ષેત્રે અનુભવી મેનેજમેન્ટ.
● તાલીમબદ્ધ અધ્યાપકો દ્વારા સારા શિક્ષણથી યુનિ. પરિણામમાં મોખરાનું સ્થાન.
નેશનલ હાઈવે નં.૮, વીરાવાડા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

શંકર સ્ટોર્સ
મનુભાઈ પ્રજાપતિ, મો.૭૮૭૪૪૪૫૭૪
કટલરી, સાવરણી, ઝૂડા, પોતાં વગેરેના વેપારી
સરીતા હોટલની સામે, ચોઈલા રોડ, બાયડ, જિ. અરવલ્લી

શ્રી મહેન્દ્રભાઈ બી. પટેલ
પ્રમુખ :
સાબરકાંઠા જિલ્લા આચાર્ય સંઘ
આચાર્ય :
જ્ઞાન જ્યોત હાઈસ્કુલ-હમીરગઢ
હિંમતનગર, જિ. સાબરકાંઠા
મો.૯૪૨૮૨૨૧૪૫૨

ભરતસિંહજી એલ. રહેવર
પૂર્વ પ્રમુખ : અરવલ્લી જિલ્લા ભા.જ.પ.
પ્રતિનિધિ : રાષ્ટ્રીય પરીષદ, સાબરકાંઠા લોકસભા સીટ
મો. ૯૪૨૬૭૨૫૩૯૮